### સયાજી હોસ્પિટલમાં સુરક્ષાના દાવા પોકળ

# ઈમર્જન્સી વિભાગમાં ટેમ્પો- ફેરિયાઓનો દબદબો

**સિક્યુરિટી ગાર્ડ્સની હાજરી વચ્ચે પૂરપાટ ઝડપે વાહનો હંકારતા ચાલકો, દર્દીઓની સલામતી રામભરોસે**



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨ શહેરની મધ્યમાં આવેલી અને હજારો દર્દીઓની આશાનું કેન્દ્ર એવી સયાજી હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા ફરી એકવાર ગંભીર વિવાદો અને સવાલોના ઘેરામાં આવી ગઈ છે. હોસ્પિટલ પરિસરમાં દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓની સતત ભીડ રહેતી હોય છે, છતાં અહીંની સુરક્ષા અને વ્યવસ્થા કાગળ પર જ સીમિત રહી હોય તેવા ચિંતાજનક દ્રશ્યો સામે આવ્યા છે. હોસ્પિટલના અતિ સંવેદનશીલ ગણાતા ઈમર્જન્સી વિભાગ સહિતના આંતરિક માર્ગો પર સુરક્ષાકર્મીઓની હાજરી હોવા છતાં રિક્ષા અને ટેમ્પો ચાલકો બેફામપણે વાહનો હંકારી રહ્યા છે. દર્દીઓ અને વ્હીલચેર પર રહેલા અશક્ત દર્દીઓની અવરજવર વચ્ચે આ પ્રકારે પૂરપાટ ઝડપે દોડતા વાહનો ગમે ત્યારે કોઈ મોટી દુર્ઘટના કે અકસ્માતને નિમંત્રણ આપી શકે છે. એક કિસ્સામાં, હોસ્પિટલની અંદર ટેમ્પો હંકારતા એક ચાલક સાથે વાતચીત કરતા તેમણે સ્વીકાર્યું હતું કે તેઓ રોજ ડોક્ટરો અને હોસ્પિટલની વિવિધ ઓફિસો માટે પાણીના જગનો સપ્લાય કરવા અંદર આવે છે. જો કે, સવાલ એ ઊભો થાય છે કે હોસ્પિટલ જેવા સંવેદનશીલ અને પવિત્ર સ્થળે ભારે વાહનોને મુક્તપણે અંદર પ્રવેશવાની પરવાનગી કોના દ્વારા આપવામાં આવે છે ? નિયમો મુજબ હોસ્પિટલ પરિસરમાં બહારના અસામાજિક તત્વો, અનધિકૃત ફેરિયાઓ અને વેપારીઓના પ્રવેશ પર પ્રતિબંધ હોવો જોઈએ. પરંતુ વાસ્તવિકતા એ છે કે હોસ્પિટલના ઓરડાઓ અને વિવિધ વિભાગોની આસપાસ ફેરિયાઓ બેરોકટોક પોતાનો વેપાર ચલાવી રહ્યા છે. મુખ્ય દરવાજા પર સિક્યુરિટી ગાર્ડ્સ તૈનાત હોવા છતાં આ ફેરિયાઓ અને માલસામાન ભરેલા વાહનો અંદર કેવી રીતે પ્રવેશે છે, તે મોટો પ્રશ્ન છે. અગાઉ પણ હોસ્પિટલના પાણીના કુલરની સ્વચ્છતા અને પીવાના પાણીની ગુણવત્તા સામે સવાલો ઉઠ્યા હતા, અને હવે ખુલ્લેઆમ ચાલતી વાહનોની અવરજવર તથા ફેરિયાઓનો વ્યાપ તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે. જો આ પ્રકારે બેફામ વાહનચાલનને કારણે ભવિષ્યમાં કોઈ દર્દી કે સગાને અકસ્માત નડે, તો તેની નૈતિક અને કાયદાકીય જવાબદારી કોની રહેશે ? સ્થાનિક નાગરિકો અને સગા-સંબંધીઓમાં રોષ પ્રજ્વલિત થયો છે. હવે જોવાનું એ રહ્યું છે કે સયાજી હોસ્પિટલના સત્તાધીશો અને RMO કે સુપરટેન્ડન્ટ આ મામલે ક્યારે સખ્ત પગલાં ભરે છે અને હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થાને સુદ્રઢ બનાવે છે.

### અંધારામાં અંતિમ સંસ્કાર કરવાની ગ્રામજનોની મજબૂરી

# બાજવાના પૂર્વ વિસ્તારનું સ્મશાનગૃહ અસુવિધાઓના દલદલમાં ધકેલાયું

**ગ્રામજનોએ સ્વખર્ચે** સફાઈ કરવી પડી, સ્થાનિક નેતાઓ અને ધારાસભ્યો સામે ઉઠ્યા સવાલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨ શહેરી વિકાસના મોટા દાવાઓ ભલે કર્યા હોય, પરંતુ ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોની વાસ્તવિકતા કેટલી બદતર છે તેનું જીવંત ઉદાહરણ બાજવા પૂર્વ વિસ્તારમાંથી સામે આવ્યું છે. બાજવા પૂર્વ વિસ્તારમાં આવેલું સ્મશાનગૃહ હાલમાં પોતાની દયનીય સ્થિતિ અને તંત્રની બેદરકારીના કારણે લોકમુખે ચર્ચાનો વિષય બન્યું છે. વર્ષો જૂની આ સમસ્યાના નિવારણ માટે ગ્રામજનો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે ગ્રામજનોમાં વહીવટી તંત્ર અને સ્થાનિક નેતાઓ સામે આક્રોશ ફાટી નીકળ્યો છે. બાજવા પૂર્વ વિસ્તારના આ સ્મશાનગૃહમાં વીજળી જેવી પ્રાથમિક સુવિધા પણ ઉપલબ્ધ નથી. સ્થિતિ એટલી દયનીય છે કે જો સાંજના સમયે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય, તો સ્વજનોએ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સ્મશાનમાં લાઈટ ન હોવાને કારણે મૃતકના અંતિમ સંસ્કાર વખતે લોકોને પોતાના મોબાઈલ ફોનની ફ્લેશ લાઈટ ચાલુ કરીને કામ પૂરું કરવું પડે છે. એક માનવીય વિદાય વખતે પણ આવી હાલાકી ભોગવવી પડે તે તંત્ર માટે શરમજનક બાબત છે. માત્ર વીજળી જ નહીં, પરંતુ આ સ્મશાનગૃહમાં શોકગ્રસ્ત પરિવારજનો અને સગા-સંબંધીઓ માટે બેસવાની કે છાંયડામાં ઊભા રહેવાની પણ કોઈ સગવડ નથી. અંતિમક્રિયામાં આવતા વૃદ્ધો અને મહિલાઓને પણ ખુલ્લામાં ઊભા રહેવું પડે છે. પૂર્વ વિસ્તારના લોકો કોર્પોરેશનમાં ન આવતા હોવા છતાં, પંચાયત દ્વારા પણ આ મુદ્દે આંખઆડાકાન કરવામાં આવી રહ્યા છે. સ્થાનિક લોકોએ ભારે રોષ સાથે જણાવ્યું હતું કે, તેઓ ગ્રામ પંચાયતથી લઈને ધારાસભ્યો અને જવાબદાર નેતાઓ સુધી અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી ચૂક્યા છે, પરંતુ માત્ર ખોટા આશ્વાસનો સિવાય કશું મળ્યું નથી. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે તંત્રની બેદરકારીથી કંટાળીને ગ્રામજનોએ હવે જાતે જ પોતાના ખર્ચે સ્મશાનગૃહની સાફ-સફાઈ કરવાનું શરૂ કર્યું છે. લોકોમાં એ ચર્ચા છે કે જો તમામ વ્યવસ્થાઓ ગ્રામજનોએ જ પોતાના ખર્ચે કરવાની હોય, તો સરકાર અને પંચાયતમાં જતો જનતાનો ટેક્સનો રૂપિયો ક્યાં વપરાય છે ?

### ઝપાઝપીમાં શ્રમિકનો આબાદ બચાવ

# કનાયડા ગામની કેનાલ નજીક ખેતમજૂર પર દીપડાનો હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨ ડભોઈ વિધાનસભાના ચાણોદ જિલ્લા પંચાયત વિસ્તારમાં આવેલા કનાયડા ગામે આજે સવારે ખેત મજૂરી કરવા જઈ રહેલા પ્રહલાદભાઈ વસાવા નામના શ્રમિક પર અચાનક દીપડાએ હુમલો કરતા ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. નિત્યક્રમ મુજબ પ્રહલાદભાઈ પોતાના કામે જઈ રહ્યા હતા ત્યારે ગામ પાસે કેનાલ નજીક અચાનક દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો.

દીપડા સાથે થયેલી ઝપાઝપી અને સંઘર્ષ દરમિયાન પ્રહલાદભાઈએ ભારે હિંમત દાખવી હતી, જેના અદભાગ્ય તેઓ દીપડાના પંજામાંથી બાલબાલ બચી ગયા હતા. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ કનાયડા ગામના સરપંચ ઉર્વેશ પઠાણ દ્વારા તાત્કાલિક ધોરણે સંબંધિત જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશભાઈ પટેલને જાણ કરવામાં આવી હતી. અગ્રણીઓની સૂચનાથી ઈજાગ્રસ્ત પ્રહલાદભાઈને ત્વરિત સરકારી દવાખાને પહોંચાડવામાં આવ્યા હતા.

જ્યાં ડૉક્ટરો દ્વારા તેમની પ્રાથમિક સારવાર સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. આ સાથે જ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગના અધિકારીઓ અને સ્થાનિક પોલીસને પણ જાણ કરવામાં આવી હતી, જેથી વન વિભાગની ટીમ દ્વારા સ્થળ પર જરૂરી તપાસ હાથ ધરી સરકારી નિયમો મુજબ મળવાપાત્ર આર્થિક સહાય અને વળતર અંગેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે આસપાસના ખેતરોમાં કામ કરતા ખેડૂતો અને ખેતમજૂરોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને વન વિભાગ દ્વારા દીપડાને વહેલી તકે પકડવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### શહેર-જિલ્લા રિક્ષા ચાલક

## યુનિયનના પ્રયાસો રંગ લાવ્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨ ગુજરાતભરના રિક્ષાચાલકો અને પરમિટવાળા વાહનમાલિકો માટે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. વર્ષ ૨૦૧૭ થી ફિટનેસ સર્ટિફિકેટ મેળવવામાં જો એક દિવસનું પણ વિલંબ થાય તો રોજના ૫૦ લેખે વસૂલવામાં આવતી દૈનિક પેનલ્ટી રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર રીતે બંધ કરવામાં આવી છે. આ નિર્ણયથી રાજ્યના હજારો વાહનચાલકોને મોટી આર્થિક રાહત મળી છે. વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયનના જણાવ્યા અનુસાર, અગાઉ પરમિટવાળા વાહનોના ફિટનેસ સર્ટિફિકેટ રિન્યુ કરાવવામાં વિલંબ થતાં દૈનિક ૫૦ ની દંડ રકમ વસૂલાતી હતી. આ અન્યાયી જોગવાઈ સામે અગાઉ અદાલતમાં પડકારવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૬માં યુનિયન દ્વારા ફરીથી મક્કમ કાનૂની લડત હાથ ધરવામાં આવી હતી. હાઈકોર્ટના સ્પષ્ટ આદેશ બાદ આ દૈનિક ફી પ્રથા નાબૂદ કરવામાં આવી છે.

### દર્દીઓ રાત્રે રિપોર્ટ કઢાવવા માટે વલખાં મારવા મજબૂર

# સયાજી હોસ્પિટલની ગંભીર બેદરકારી, રાત્રે ૧૦ વાગ્યે બ્લડ લેબોરેટરીમાં નજરે ન પડ્યો સ્ટાફ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨ મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ ફરી એકવાર પોતાની વહીવટી લાપરવાહી અને બેદરકારીના કારણે વિવાદના ઘેરામાં આવી છે. સામાન્ય જનતા માટે સ્વાસ્થ્ય સેવાઓનું મુખ્ય કેન્દ્ર ગણાતી આ સરકારી હોસ્પિટલમાં મોડી રાત્રે દર્દીઓની હાલાકીના દ્રશ્યો સામે આવ્યા છે, જે તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કરે છે. ગત રાત્રે ૧૦ વાગ્યાના સુમારે સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલા એક દર્દીને તબીબ દ્વારા તાકીદે બ્લડ રિપોર્ટ કઢાવવા માટે લખી આપવામાં આવ્યું હતું. દર્દી જ્યારે ડોક્ટરની ચિઠ્ઠી લઈને હોસ્પિટલની બ્લડ લેબોરેટરી ખાતે પહોંચ્યા, ત્યારે ત્યાં હાલાકીભર્યું ચિત્ર જોવા મળ્યું હતું. રાત્રિના સમયે લેબની અંદર કે બહાર ફરજ પર કોઈ જ સ્ટાફ નજરે પડ્યો ન હતો. દર્દી અને તેના પરિવારજનો દ્વારા ભારે રોષ સાથે જણાવવામાં આવ્યું હતું કે, ઈમરજન્સી કે સામાન્ય સમયમાં પણ ડોક્ટર દ્વારા બ્લડ રિપોર્ટ કઢાવવા માટે તાકીદ કરવામાં આવે છે, પરંતુ જ્યારે દર્દી લેબોરેટરીમાં દોડીને જાય છે ત્યારે ત્યાં જવાબદાર સ્ટાફ ગાયબ હોય છે. ઓફિસમાં કોઈ પણ વ્યક્તિ ઉપસ્થિત ન હોવાના કારણે દર્દીઓને કલાકો સુધી અટવાવું પડે છે અને રિપોર્ટ વગર સારવારમાં પણ વિલંબ થાય છે.



મધ્ય ગુજરાતમાંથી હજારોની સંખ્યામાં ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ આશા લઈને સયાજી હોસ્પિટલમાં આવતા હોય છે. જો કે, હોસ્પિટલના કેટલાક વિભાગોમાં પ્રવર્તતી આ પ્રકારની 'લાલિયાવાડી' અને બેજવાબદાર વલણને કારણે દર્દીઓનો જીવ જોખમમાં મુકાઈ રહ્યો છે. મોડી રાત્રે પણ સરકારી હોસ્પિટલોમાં પૂરતો સ્ટાફ હાજર રહે અને દર્દીઓને અસુવિધા ન પડે તે માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડક પગલાં લેવામાં આવે તેવી લોકમાગ ઉઠી રહી છે.

### પડતર પ્રશ્નો અંગે રજૂઆત

# જીવના જોખમે વીજ પુરવઠો જાળવતા ટેક્નિકલ કર્મચારીઓના પ્રશ્ને બેઠક

(પ્રતિનિધિ) વડોદરા,તા.2 ગુજરાત વિદ્યુત ટેકનિકલ કર્મચારી મંડળના પ્રશ્નોને લઈને જીયુવીએનએલના એડમીન પ્રિતિ શર્માના અધ્યક્ષસ્થાને મહત્વપૂર્ણ મીટિંગ યોજાઈ હતી. જેમાં ઈપીડી ગાંધીનગરના અધિકારી રાણપરીયા, જીએમ જે.ટી.રાય, આસિ. સેક્રેટરી જાડેજા અને મંડળના સેક્રેટરી જનરલ રાજુભાઈ ખત્રી, પૃથ્વીરાજસિંહ ગોહિલ સહિતના હોદ્દેદારો વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા. ગુજરાત વિદ્યુત ટેક્નિકલ કર્મચારી મંડળ દ્વારા ટેકનિકલ કર્મચારીઓના હિતને લગતા મુદ્દાઓની વિગતવાર રજૂઆત કરાઈ હતી. બેઠકમાં કરાયેલી મુખ્ય માંગણીઓમાં સરકારના અન્ય વિભાગની જેમ લાયકાતના આધારે વર્ગ-4 માંથી વર્ગ-3માં સમાવેશ કરવા, ફિલ્ડ એલાઉન્સની વિસંગતતા દૂર કરી સમાન ધોરણે ચૂકવવા, જોખમી કામગીરી સામે રિસ્ક એલાઉન્સ આપવા, ફરજનો સમયગાળો નક્કી કરવા અને રજા કે અડધી રાત્રે બોલાવવામાં આવે તો ઓવરટાઈમ આપવા. જુનિયર આસિસ્ટન્ટની ખાલી જગ્યાઓ અનુભવી સ્નાતક ટેકનિકલ કર્મચારીઓમાંથી પરીક્ષા લઈ ભરવા, 25 વર્ષ જૂનો પરિપત્ર નં. 638 રદ કરી 20+5ની જગ્યા મર્જ કરી ડિસ્કોમમાં 25% કરવા અને ફાસ્ટ ટ્રેક પરીક્ષા દ્વારા પ્રમોશન આપવા. ટેકનિકલ કર્મચારીઓના વધતા અકસ્માતો રોકવા ફીડર વાઇઝ કામગીરીની જવાબદારી અને મોનીટરીંગ નક્કી કરવા, અકસ્માત થયે નાયબ ઈજનેરની જવાબદારી નક્કી કરવા, એકલા ફિલ્ડમાં કામે ન મોકલવા, લાઇન ક્લિયરની પરમીટ લાઇન ઈન્સ્પેક્ટર અને નાયબ ઈજનેર જ લે તે ફરજિયાત કરવા, સ્ટાન્ડર્ડ ટૂલ્સ કીટ અને સેફ્ટી શૂઝ સમયસર આપવા.

### મચ્છરોના ત્રાસથી બાળકોમાં ડેન્ગ્યુનો ખતરો વધ્યો

# ડભોઈ રોડ પર વુડાના મકાનોમાં નરકાગાર સ્થિતિ, ડ્રેનેજના પાણીથી રહીશો ત્રાહિમામ

**અનેક રજૂઆતો** છતાં પાલિકા તંત્ર ઘોર નિંદ્રામાં

વડોદરાઃ વડોદરાના ડભોઈ રોડ વિસ્તારમાં આવેલી નાથદ્વારા સોસાયટીની પાછળ આવેલા વુડાના મકાનોમાં રહેતા રહીશો હાલ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં ઉભરાતી ડ્રેનેજ લાઈનો અને ઠેર-ઠેર ખડકાયેલા કચરાના ઢગલાના કારણે રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ડ્રેનેજના ગંદા પાણી રસ્તાઓ પર ફરી વળતા આખો વિસ્તાર દુર્ગંધથી ભરાઈ ગયો છે. આ અંગે સ્થાનિક રહીશો દ્વારા મહાનગરપાલિકા તેમજ સંબંધિત તંત્રમાં અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. વારંવારની રજૂઆતો છતાં કોઈ નિરાકરણ ન આવતા હવે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં સતત ભરાઈ રહેતા ડ્રેનેજના ગંદા પાણી અને ગંદકીના સામ્રાજ્યને કારણે મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક હદે વધી ગયો છે. મચ્છરોનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે ઘર-ઘરમાં બીમારીઓ ફેલાઈ રહી છે. ખાસ કરીને નાના બાળકોમાં ડેન્ગ્યુ જેવા ખતરનાક અને પ્રાણઘાતક રોગો ઝડપથી ફેલાઈ રહ્યા છે, જેના કારણે અનેક બાળકો બીમાર પડ્યા છે અને હોસ્પિટલમાં સારવાર લેવા મજબૂર બન્યા છે.



**સાંજ પડતાં જ અસામાજિક તત્વોનો અડિંગો, મહિલાઓ અને બાળકો અસુરક્ષિત!**

ડભોઈ રોડ પર નાથદ્વારા સોસાયટી પાછળ આવેલા વુડાના મકાનોના રહીશો માત્ર ડ્રેનેજ અને ગંદકીથી જ નહીં, પરંતુ અસામાજિક તત્વોના વધતા આતંકથી પણ ભારે દહેશતમાં જીવી રહ્યા છે. વિસ્તારમાં ખુલ્લી જગ્યાઓ અને ગંદકીના કારણે અવાવરૂ બનેલા વિસ્તારોમાં સાંજ પડતાં જ લુખ્ખા-તત્વો, નશાખોરો અને અસામાજિક ઇસમો અડિંગો જમાવીને બેસી જાય છે. દારૂ-જુગારની અડાસો અને જાહેર જગ્યાઓ પર થતી અસભ્ય પ્રવૃત્તિઓને કારણે ખાસ કરીને મહિલાઓ, દીકરીઓ અને નાના બાળકોનું ઘરની બહાર નીકળવું પણ દુષ્કર બની ગયું છે.

### મુસ્લિમ હોવાની ખોટી ઓળખ માટે બોગસ આધારકાર્ડ પણ બનાવડાવ્યુ

# દુષ્કર્મી જમીન દલાલ સુનીલ મહીડાના બે દિવસના રિમાન્ડ

**પોતે પરિણિત** અને બે સંતાનોનો પિતા હોવાની વાત છુપાવી યુવતી સાથે વિશ્વાસઘાત કર્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨ વડોદરાના ગોત્રી વિસ્તારમાં 28 વર્ષીય યુવતીને લગ્નની લાલચ આપી દોઢ વર્ષ સુધી વારંવાર દુષ્કર્મ ગુજારવાના આક્ષેપમાં ગોત્રી પોલીસે જમીન દલાલ સુનીલ મહીડાની ધરપકડ કરી છે. આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસે ચાર દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જોકે કોર્ટે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપી સુનીલ મહિડાએ યુવતીને લગ્ન કરવાની ખાતરી આપી તેની સાથે સંબંધ બાંધ્યો હતો અને દોઢ વર્ષના સમયગાળા દરમિયાન વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. જેમાં બે વખત ગર્ભ રહી જતા ગર્ભપાત પણ કરાવ્યો હતો. દરમિયાન આરોપી પોતે પરણિત હોવા ઉપરાંત સંતાનો ધરાવતો હોવાની હકીકત યુવતીથી છુપાવી હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં આરોપીએ મુસ્લિમ યુવતી સાથે સંબંધ કેળવવા માટે પોતાનું નામ સમીર ઉસ્માન મિયાં દર્શાવતું બોગસ આધારકાર્ડ બનાવડાવ્યું હોવાનો પણ આક્ષેપ છે. પોલીસે આ આધારકાર્ડ સહિતના પુરાવા કબજે કરી તપાસ શરૂ કરી છે. આરોપી સાથેના શારીરિક સંબંધના કારણે યુવતી બે વખત ગર્ભવતી બની હતી અને તેની સંમતિ વિના ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો. હાલ યુવતી ત્રણ મહિનાની ગર્ભવતી હોવાનું જણાવાયું છે અને તેની તબીબી તપાસ કરાવવામાં આવી રહી છે. પોલીસે રિમાન્ડ દરમિયાન આરોપી પાસેથી વધુ વિગતો મેળવવા તપાસ હાથ ધરી છે. પીડિતાને ન્યાય મળે તેના માટે રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સમક્ષ પણ કડક કાર્યવાહી કરવાની રજૂઆત કરવામાં આવી છે.

### વોર્ડ નં. ૧૨માં તંત્રની બેદરકારી

# જાગનાથ સ્મશાન તરફનો રસ્તો બંધ થતાં સ્થાનિકો અને શોકગ્રસ્ત પરિવારો બેહાલ

માત્ર માટી-કાંકરી પૂરીને વેઠ ઉતારતી પાલિકા સામે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨ શહેરના વોર્ડ નંબર 12 વિસ્તારમાં આવેલા ઐતિહાસિક અને અત્યંત મહત્વના એવા જાગનાથ સ્મશાન ગૃહ તરફ જતો મુખ્ય રસ્તો છેલ્લા કેટલાક સમયથી સંપૂર્ણપણે બંધ હાલતમાં ફેરવાઈ જતાં સ્થાનિક રહીશો તેમજ અંતિમયાત્રા લઈને આવતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ રસ્તા પર વારંવાર વિશાળ ભુવા પડવાની પ્રક્રિયા ચાલુ રહેતાં લોકોના જીવનું જોખમ પણ વધી ગયું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ચોક્કસ સ્થળે ભૂતકાળમાં પણ ચારથી પાંચ વખત મોટા ભુવા પડી ચૂક્યા છે. જ્યારે પણ ભુવો પડે છે ત્યારે મહાનગરપાલિકાના તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે માત્ર માટી કે કાંકરી પૂરીને કામચલાઉ સમારકામ કરી દેવામાં આવે છે. પરંતુ તંત્રની આ વેઠ ઉતારવાની નીતિને કારણે થોડા જ દિવસોમાં રસ્તો ફરીથી બેસી જાય છે અને વિશાળ ભુવો પડે છે. સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે કે પાલિકાનું તંત્ર આ સમસ્યાના મૂળ સુધી પહોંચીને કાયમી ઉકેલ લાવવાને બદલે માત્ર લોકમુખ બંધ કરવા પૂરતી હલકી ગુણવત્તાની કામગીરી કરી રહ્યું છે. સ્મશાન ગૃહ એ એક એવું મહત્વનું અને સંવેદનશીલ સ્થળ છે જ્યાં દરરોજ અનેક અંતિમયાત્રાઓ આવતી હોય છે. મુખ્ય રસ્તો જ બંધ હોવાના કારણે શોકગ્રસ્ત પરિવારો અને અવરજવર કરતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. વારંવારના ભુવાઓને કારણે વાહનચાલકો માટે પણ અકસ્માતનો સસ્પષ્ટ ભય ઊભો થયો છે. હવે આ વિસ્તારના સ્થાનિક રહીશોએ ઉગ્ર રોષ વ્યક્ત કરીને તંત્ર પાસે માંગ કરી છે કે દર વખતે માત્ર ખાડા પૂરવાનું નાટક બંધ કરવામાં આવે અને આ રસ્તાનું ટેકનિકલ સર્વેક્ષણ કરીને તાત્કાલિક ધોરણે કાયમી અને મજબૂત ઉકેલ લાવવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય નહીં.

### ફેસબુક પર મુવી ઓડિશનની જાહેરાત જોઈ બાયોડેટા-ફોટો મોકલ્યા બાદ સંજય મિશ્રાએ પ્લેન ટિકિટ, કોસ્ચ્યુમ અને રજિસ્ટ્રેશન ફીના નામે ગૂગલ પેથી નાણાં પડાવ્યા

# ફિલ્મમાં કામ અપાવવાની લાલચ આપી નિવૃત્ત એલઆઈસી કર્મચારી સાથે રૂ.૧.૧૨ લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨ ફિલ્મમાં આર્ટિસ્ટ તરીકે કામ અપાવવાની લાલચ આપી ભેજાબાજે નિવૃત્ત એલઆઈસી કર્મચારી સાથે રૂ.1.12 લાખ પડાવી છેતરપિંડી આચરી છે. ફેસબુક પર આવેલી ફિલ્મમાં કામ કરવાની જાહેરાતના આધારે સંપર્ક કર્યા બાદ આરોપીએ વોટ્સએપ કોલ મારફતે વાત કરી ફિલ્મમાં સિલેક્શન થયાનું કહી વિવિધ ચાર્જના બહાને રકમ પડાવી હતી. કપુરાઈ પોલીસે ગુનો નોધી આરોપી સામે ગુનો નોંધ્યો છે. વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર ઓમ રેસિડેન્સીમાં રહેતા 60 વર્ષીય હિતેશભાઈ ટીકડીયા જુલાઈ-2026માં એલઆઈસીમાંથી નિવૃત્ત થયા છે અને હાલ આર્ટિસ્ટ તરીકે કામ કરે છે. તા.18 ઓગસ્ટના રોજ તેઓ ઘરે મોબાઇલમાં ફેસબુક જોઈ રહ્યા હતા ત્યારે ફિલ્મમાં કામ કરવાની જાહેરાત નજરે પડી હતી. જાહેરાતમાં આપેલા મોબાઇલ નંબર પર હિતેશભાઈએ પોતાનો બાયોડેટા, ફોટોગ્રાફ, ઓડિયો અને વીડિયો મોકલ્યા હતા. થોડીવાર બાદ સંજય મિશ્રા નામના વ્યક્તિએ વોટ્સએપ કોલ કરી હિન્દીમાં વાતચીત કરી હતી અને ફિલ્મમાં કામ કરવા માટે તેમનું સિલેક્શન થઈ ગયું હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત 'કભી ભી કહી ભી' અને 'લુચ્ચાં લફંગા' નામની બે ફિલ્મમાં કામ કરવાનું હોવાનું કહી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ તા.19 ઓગસ્ટે આરોપીએ ફિલ્મનું શૂટિંગ 5 સપ્ટેમ્બરથી શરૂ થવાનું કહી પ્લેનની ટિકિટ માટે રિફંડેબલ ડિપોઝિટ, કોસ્ચ્યુમ અને રજિસ્ટ્રેશન ફીના નામે રૂપિયા માંગ્યા હતા. હિતેશભાઈએ તા.19 ઓગસ્ટે રૂ.27 હજાર, તા.20 ઓગસ્ટે રૂ.50 હજાર, તા.25 ઓગસ્ટે રૂ.25 હજાર અને તા.5 સપ્ટેમ્બરે રૂ.10 હજાર મળી રૂ.1.12 લાખ ગૂગલ પેથી મોકલ્યા હતા. જોકે, રકમ મેળવ્યા બાદ સંજય મિશ્રાએ હિતેશભાઈને ફિલ્મના શૂટિંગ માટે બોલાવ્યા ન હતા. વોટ્સઅપ કોલ કરી અલગ-અલગ બહાના બતાવી વધુ પૈસાની માંગણી કરતાં અંતે હિતેશભાઈએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર જાણ કરી હતી. ઓનલાઈન ફરિયાદનો એકનોલેજમેન્ટ નંબર પણ મળ્યો હતો. સમગ્ર મામલે કપુરાઈ પોલીસે મોબાઇલ નંબર અને નાણાકીય વ્યવહારોના આધારે તપાસ હાથ ધરી છે.


**શ્રદ્ધાંજલી**



**સ્વ. શર્મિષ્ઠાબેન જયંતિલાલ શાહ**

સ્વર્ગવાસ તારીખ : ૧-૧૦-૨૦૨૬

'મા' એટલે જન્મ દાતા, 'મા' કદી રમતી નથી,
'મા' નો દેહ ન હોય ત્યારે એનું વ્હાલ હવાના કણ કણ માં
વિખેરાય ને આલિંગન આપે છે.
પ્રભુ એ દિવ્ય આત્માને શાંતી અર્પે એ જ પ્રાર્થના.

**અમિત શાહ - સેજલ શાહ**
**વ્રજ શાહ - દિવ્યા શાહ • શૈલ શાહ - શ્રદ્ધા શાહ**
**સમસ્ત GTPL પરિવાર**

**શ્રદ્ધાંજલી**



**સ્વ. શર્મિષ્ઠાબેન જયંતિલાલ શાહ**

સ્વર્ગવાસ તારીખ : ૧-૧૦-૨૦૨૬

આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને..
સ્મરણ તમારૂં થાય છે અમને, મન મુકીને રડાવે છે અમને..
શ્રદ્ધાંજલી આપવા ઉપાડી કલમ,
આંસુથી ભીંજાય જાય છે કાગળ..

**અમિત શાહ - સેજલ શાહ**
**રેશ્મા પરીખ** (USA) - **વિસ્મીત પરીખ** (USA)
**નેહા શાહ** (USA) - **કિર્તેશ શાહ** (USA)